હવે, નવા સચિવાલયમાં જુગાર રમતા પોલીસ પકડાયા

બ્લોક નં. ૧૪ સામે પાર્કિંગમાં બે કોન્સ્ટેબલ અને એક ડ્રાઈવર ખુલ્લેઆમ બાજી માંડીને બેઠા હતા : પહેલા જિલ્લાનો જયાંથી વહીવટ થાય તે કલેકટર કચેરીમાં દારૂની મહેફીલ અને પછી રાજયનો જયાંથી વહીવટ થાય છે તે સચિવાલયમાંથી જુગાર રમતા સરકારી નોકરો પકડાયા

ગાંધીનગર, તા.૨૭

બે દિવસ અગાઉ જિલ્લા કલેકટર પોતાની કચેરીમાં સાંજે વિઝીટમાં નિકળ્યા ત્યારે આયોજન અધિકારી સહિત ત્રણ શખ્સો ઓફીસમાં દારૂની મહેફીલ માણતા પકડાયા હતા. ત્યાર બાદ ગઈ સાંજે નવા સચિવાલય બ્લોક નં. ૧૪ સામે પાર્કીંગમાં ખુલ્લેઆમ જુગાર રમી રહેલા પોલિસ તથા ડ્રાઈવર ઝડપાયા...! બે પોલીસ અને એક નિગમના ડ્રાઈવર પૈકી બે ની ધરપકડ કરી લેવામાં આવી હતી જયારે એક પોલીસ જવાન ફરાર થઈ ગયો હતો. ચર્ચાસ્પદ બાબત એ છે કે પહેલા જિલ્લાનો જયાંથી વહીવટ-સંચાલન થાય છે તે કલેકટર કચેરીમાંથી દારુની મહેફીલ અને પછી બીજે જ દિવસે રાજયનો જયાંથી વહીવટ થાય છે તેવા નવા સચિવાલયમાંથી જુગાર રમતા સરકારી નોકરી પકડાયા છે.સે-૭ પોલીસે ત્રણ સામે જુગારનો ગુનો નોંધી વોન્ટેડ જવાનની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

નવા સચિવાલયમાં સલામતિ શાખાના ડીવાયએસપી જાડેજા રાઉન્ડમાં નિકળ્યા ત્યારે ગઈ સાંજે બ્લોક નં. ૧૪ સામે ગેટ નં. ૬ પાસે પાર્કીંગમાં ખુલ્લે આમ જુગાર રમી રહેલા ત્રણ શખ્સો દેખાયા હતાં. દરોડો પાડયો ત્યારે તે પૈકી એક ફરાર થઈ ગયો હતો. નિગમનો ડ્રાઈવર ભરત શકરાજી ઠાકોર અને સે-૨૨માં રહેતો સલામતિ શાખામાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતો પ્રવિણ પરસોત્તમભાઈ રોહીત (કમાન્ડો) બંને જુગાર રમતા ઝડપાઈ ગયા હતા જયારે તેમની સાથે જુગાર રમી રહેલો કોન્સ્ટેબલ સુનિલ જોયતાભાઈ ચૌધરી (રહે. છાલા) ભાગી છુટયો હતો. બંને પોલીસ કોન્સ્ટેબલ એસઆરપી ગ્રુપ-૧૨ના હોવાનું ડીએસપી વિરેન્દ્રસિંહ યાદવે જણાવી ઉમેર્યું હતું કે બંને સામે ઈન્કવાયરી શરુ કરી દેવામાં આવી છે. પાર્કીંગમાં બેસીને બાજી માંડીને બેઠેલા બાબુઓ પાસેથી રૂ. ૧૨૦ રોકડ મુદ્દામાલ જપ્ત કરી સે-૭ પોલીસે તપાસ શરુ કરી છે.

સેક્ટર-૬માં મહિલાના ગળામાંથી સોનાની દોરો ખેંચવાનો નિષ્ફળ પ્રયાસ

ગાંધીનગર, તા. ૨૭

અમદાવાદની માફક ગાંધીનગરમાં પણ ચેન સ્નેચરોનો આતંક દિન-પ્રતિદિન વધી રહ્યો છે અને મહિલાઓને વધુ ને વધુ કનડી રહ્યો છે. શુક્રવારે સવારે આવી જ એક દુર્ઘટનામાં સેક્ટર-૬નાં એક મહિલાની ચેન લૂંટવાનો નિષ્ફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

શિવરંજની વસાહત, સેક્ટર-૬ બી ખાતે રહેતાં કોકિલાબેન રમેશભાઈ જોષી સવારે ૭.૩૦ કલાકે પોતાના નિત્યક્રમ મુજબ ચાલવા નીકળ્યા હતા ત્યારે એક મોટરસાઈકલ ઉપર સવારે બે વ્યક્તિઓએ તેમના ગળા પર ઝપટ મારી હતી અને ચેન લૂંટવાનો પ્રયાસ કર્યો હતો. ચેન તો તેમના હાથમાં આવી ન હતી, પરંતુ કોકિલાબેન તેમના ધક્કાથી રસ્તા પર પડી ગયા હતા. આઘાતથી તેઓ જમીન પરથી જલદી ઊઠી ન શક્યા, પરંતુ એટલામાં હદ તો લૂંટારુઓએ કરી. તેઓ આગળ સુધી પહોંચી ગયા હતા પરંતુ મહિલાને જમીન પર પડેલાં જોતાં તેઓ પરત આવ્યા હતા અને ફરીથી તેમની ચેન લૂંટવાનો પ્રયાસ કર્યો હતો. અલબત્ત, આ વખતે કોકિલાબેન સજ્જ હતા એટલે લૂંટારુઓ આ પ્રયાસમાં નિષ્ફળ ગયા હતા.

ઉલ્લેખનીય છે કે આ દુર્ઘટના બની તે સ્થળ સેક્ટર-૭ પોલીસ સ્ટેશનથી માત્ર ૩૦૦ મીટરના અંતરે છે. તેમ છતાં લૂંટારુઓએ આ હિન પ્રયાસ કરતાં તેમના મનમાં પોલીસની કોઈ બીક રહી નથી એ સ્પષ્ટ વર્તાઈ આવે છે.

લ્યો બોલો... બીએસએનએલએ બંધ ફોનનું બિલ ચાર મહિના બાદ ફટકાર્યું

સે-૩૦માં રહેતા નિવૃત્ત પ્રોફેસર અને સામાજીક અગ્રણીએ ચાર મહિના પહેલા લેન્ડલાઈન ફોનનું કનેક્શન બંધ કરાવ્યું હતું : બીએસએનએલએ ચાર મહિના બાદ ૧૦૫૧નું બીલ ફટકાર્યું : પ્રોફેસર આશ્ચર્યચકિત

ગાંધીનગર, તા. ૨૭

શહેરમાં બીએસએનએલ સામે અવારનવાર ફરિયાદો ઉઠવા પામી છે. છતાં પણ પેટનું પાણી હલતું નથી. ત્યારે વધુ એક બીએસએનએલનો ત્રાસ સામે આવ્યો છે. સેક્ટર-૩૦માં રહેતા એક રહિશને લેન્ડલાઈન કનેક્શન ચાર મહિના પહેલા જમા કરાવ્યું હોવા છતાં બિલ મોકલવામાં આવતા ગ્રાહક આશ્ચર્યચકિત થઈ ઉઠ્યા હતા.

બીએસએનએલનું તંત્ર સંપૂર્ણ પણે ખાડે ગયું હોય તેનો નમુનો સામે આવ્યો છે. અનેક લોકો બીએસએનએલની સેવાથી ત્રસ્ત છે. વારંવાર રજુઆતો પણ ઢગલાબંધ કરવામાં આવે છે, છતાં તંત્રને કોઈ પડી જ નથી. સેક્ટર-૩૦ પ્લોટ નં. ૫, ૭૨/૧/બી માં રહેતા નિવૃત્ત પ્રોફેસર પૃથ્વીભાઈ શાહે મકાન બદલવાનું હોવાથી તેમનો બીએસએનએલ લેન્ડલાઈન કનેક્શન (૨૩૨-૬૧૫૭૫) ચાર મહિના પહેલા જમા કરાવી દીધુ હતુ.

પૃથ્વીભાઈએ જોડાણ રદ કરવાના અને અન્ય ખર્ચ પેટે આખરી મોકલવામાં આવેલ બીલના રૂ. ૨૨૫ પણ ભરી દેવામાં આવ્યા હતા. સેક્ટર-૨૨ પોસ્ટ ઓફિસ ખાતે ૧૨ માર્ચ-૨૦૧૫ના રોજ ભરવામાં આવ્યા હતા. ટેલીફોન બીલના નાણાં ભર્યા બાદ પૃથ્વીભાઈએ હાશ અનુભવી હતી.

પરંતુ પૃથ્વીભાઈ મકાન બદલીને અન્ય મકાનમાં જઈને આરામ ફરમાવે તે પહેલા જ તેમના મોબાઈલ નંબર ઉપર બીએસએનએલ દ્વારા ટેક્ષ મેસેજ મોકલવામાં આવતા ચોંકી ઉઠ્યા હતા. તેમના મોબાઈલમાં રૂ. ૧૦૫૧ બીલનો સંદેશ આપવામાં આવ્યો હતો. જેમાં લખ્યું હતું કે તા. ૨૦ જૂન-૨૦૧૫ પહેલા બીલ ભરપાઈ કરવું.

ત્યારે ચાર મહિના પહેલા કનેક્શન બંધ કર્યુ હોવા છતાં પણ બીએસએનએલ બીલ આપી શકે છે. ગ્રાહકો પણ ચેતજો જો બીલ ભર્યુ હોય તો પહોંચ સાચવી રાખજો નહિ તો પરસેવાના રૂપિયા બીએસએનએલ ખંખેરી શકે છે.

લવારપુર પાસે બે બાઈક વચ્ચે અકસ્માતમાં એકનું મૃત્યુ

ગાંધીનગર નજીક દશેલામાં રહેતા ભરતભાઈ બબલદાસ મિસ્ત્રી અને તેમના પ્રાંતિયાના મિત્ર જગદીશભાઈ બાબુભાઈ ગજ્જર બન્ને બપોરના અરસામાં બાઈક લઈને જઈ રહ્યા હતા તે દરમ્યાન પ્લેઝર બાઈક નં. જીજે-૧૮-સીએ-૮૯નાં ચાલકે તેમના બાઈકને ટક્કર મારતાં લવારપુર પાટીયા પાસે બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં દશેલાના ભરતભાઈ મિસ્ત્રીનું કરૂણ મૃત્યુ નિપજ્યુ હતુ. ડભોડા પોલીસે પ્લેઝર બાઈક ચાલક સામે ગુનો દાખલ કરી પીએસઆઈ પી.જે. સોલંકીએ તપાસ શરૂ કરી છે.

આમ આદમી પાર્ટી ગુજરાતમાં જનતાના પ્રશ્નો બાબતે આંદોલનો ઉપાડશે

ગાંધીનગર, તા. ૨૭

આમ આદમી પાર્ટીમાં સંગઠનના વિસ્તાર માટે 'મિશન વિસ્તાર કાર્યક્રમ' અંતર્ગત આમ આદમી પાર્ટી ગુજરાતના નવનિયુક્ત પ્રભારી આશિષ ખેતાન ગઈકાલથી ૨ દિવસના ગુજરાત પ્રવાસે આવેલા છે. આજે બપોરે બે વાગે આશિષ ખેતાને આ વિશે પ્રેસને સંબોધન કર્યુ હતુ. અને પત્રકારોના પ્રશ્નોના જવાબ આપ્યા હતા. ઉપરાંત, તેમણે જણાવ્યું હતું કે દિલ્હીમાં આમ આદમી પાર્ટી સરકાર પુરજોશથી કામ કરી રહીછે તથા જનતાના પ્રશ્નો પુર ઝડપે ઉકેલાઈ રહ્યા છે. તેમને ગત દિવસોમાં દિલ્હીમાં જનતાની ભાગીદારીથી બનેલા આમ આદમી પાર્ટીના પ્રથમ બજેટ વિષે પણ માહિતી આપી હતી. આ બજેટનું પુરા દેશમાં સ્વાગત કરવામાં આવ્યું છે તેમજ તમામ ક્ષેત્રોના જાણકારોએ આ જનતાલક્ષી બજેટને બિરદાવ્યું છે.

આશિષ ખેતાને જણાવ્યું હતું કે મિશન વિસ્તાર અંતર્ગત સંગઠનની રચના માટે ગુજરાતને ૫ વિભાગોમાં વહેંચવામાં આવશે જેથી દરેક વિભાગમાં ૪-૫ જિલ્લાઓનો સમાવેશ થાય. તમામ વિભાગો તેમજ જિલ્લાઓમાં વિવિધ સ્તરે હંગામી કાર્યકારી સમિતિઓની રચના જે તે જિલ્લાઓમાં જઈને કાર્યકરો દ્વારા કરવામાં આવશે જે બુથ લેવલ સુધી પાર્ટીનું સંગઠન વિકસાવશે. તેમણે આ સમિતિઓની રચના વીસએક દિવસમાં પૂર્ણ થાય એવી આશા વ્યક્ત કરી હતી. બુથ લેવલ સંગઠન તૈયાર થયા બાદ બુથ લેવલથી વોર્ડ, તાલુકા, જિલ્લા તેમજ રાજયસ્તરની કમિટીઓ રચાશે. તેમણે ઉમેર્યું હતું કે દિલ્હીની જેમ ગુજરાતમાં પણ આમ આદમી પાર્ટી જનતાના પ્રશ્નોને લઈને આંદોલનો ઉપાડશે અને જનતાને રાજકારણની સચ્ચાઈથી જાગરૂક કરશે.

પેથાપુર ગામ આજે સૂર્યસિંહ ડાભીનું સન્માન કરશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીનો સત્કાર સમારોહ યોજાશે. સમસ્ત પેથાપુર ગ્રામજનો દ્વારા નવ નિયુકત પ્રમુખનું સન્માન કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામના અગ્રણી અને કોંગ્રેસના પાયાના કાર્યકર સૂર્યસિંહ ડાભીને ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે વરણી કરાતા પેથાપુર ગામ ગૌરવની લાગણી અનુભવી રહ્યું છે ત્યારે આજ રોજ રવિવારે સાંજે ૭-૦૦ વાગે પેથાપુર બસ સ્ટેન્ડ પાસે સત્કાર સમારોહ યોજાશે. જેમાં પેથાપુરની વિવિધ મંડળીઓ, એસોસિએશન, યુવક મંડળો અને ગ્રામજનો દ્વારા સન્માન કરવામાં આવશે.

બેંકમાંથી ઉપાડેલા ૧૦ હજાર બેગમાંથી ચોરાઈ ગયા

સેક્ટર-૧૬ એચ.ડી.એફ.સી. બેંકમાંથી જ બનેલી ઘટના : બે મહિલાઓ પર શંકા : સીસીટીવી ફુટેજ ચેક કરવાની કામગીરી શરૂ

ગાંધીનગર, તા. ૨૭

શહેરના સે. ૫માં રહેતા સત્યનારાયણભાઈએ ગઈકાલે બપોરના અરસામાં એચડીએફસી બેંકમાંથી રૂ. ૧૦હજાર ઉપાડ્યા બાદ બેગમાં મુક્યા હતા. બેગ સોફા પર મુકીને તેઓ બેંકના બાથરૂમમાં ગયા અને પરત ફર્યા ત્યાં સુધીમાં કોઈ તેમના બેગમાંથી રૂ. ૧૦ હજાર ચોરી ગયું હતું. ઘટનાની જાણ થતા તેમણે સે. ૨૧ પોલીસમથકે ફરીયાદ નોંધાવી છે. ભોગ બનનારને બેંકમાં ફરતી બે મહિલાઓ પર શંકા હતી. પોલીસે બેંકના સીસીટીવી ફુટેજ ચેક કરવાની કામગીરી શરૂ કરી છે.

શહેરના સેક્ટર-૫-સી પ્લોટ નં. ૮૦૦/૨ ખાતે રહેતા સત્યનારાયણભાઈ ચંદુભાઈ પંડ્યા ગઈકાલે બપોરના અરસામાં સે. ૧૬ એચ.ડી.એફ.સી. બેંકમાં રૂપિયા ઉપાડવા ગયા હતા. રૂ. ૧૦ હજાર ઉપાડીને તેમણે પોતાની બેગમાં મુક્યા હતા. આશરે સાડાબારથી એક વાગ્યાના અરસામાં તેઓ બેંકમાં રૂપિયા ઉપાડવા ગયા હતા. રૂપિયા બેગમાં મુક્યા બાદ તેઓ સોફા પર બેગ મુકીને બેંકના બાથરૂમમાં ગયા અને પરત ફર્યા ત્યાં સુધીમાં બેગમાંથી કોઈ રૂપિયા ચોરી ગયું હતું. સત્યનારાયણભાઈને તેમની આસપાસ બેંકમાં ફરતી બે મહિલાઓ ઉપર શંકા છે. રૂ. ૧૦હજારની ચોરી અંગે સે. ૨૧ પોલીસમથકમાં ફરીયાદ આપનાર પોલીસે ગુનો દાખલ કરી બેંકના સીસીટીવીની ફુટેજ મંગાવી ચેકીંગ શરૂ કર્યું છે.

પશુઓ ભરીને ચિલોડા સર્કલ થઈ લઈ જવાતું ડાલુ પકડાયું

પોલીસે પીકઅપ ડાલુ ઉભુ રખાવતા ડાલુ મુકીને ચાલક ફરાર થઈ ગયો : પશુઓ ચોરીના હોવાની શંકાને આધારે તપાસ શરૂ

ગાંધીનગર, તા. ૨૭

હિંમતનગર-ચિલોડા હાઈવે પર મધરાત્રે નીકળેલા પશુઓ ભરેલા પીકઅપ ડાલાને વાહન ચેકીંગમાં ઉભેલી ચિલોડા પોલીસે ઉભુ રાખવા ઈશારો કરતાં ડાલુ મુકીને ચાલક ફરાર થઈ ગયો હતો. આ શંકાસ્પદ બાબતને પગલે પીકઅપ ડાલાને જપ્ત કરી અંદર ભરેલા પાંચ પશુઓ પેથાપુર પાંજરાપોળ મોકલી આપી ચિલોડા પોલીસે વાહનના નંબરના આધારે તપાસ શરૂ કરી છે.

ચિલોડા પોલીસ ગઈ રાત્રે ચિલોડા સર્કલ પાસે વાહન ચેકીંગમાં હતી તે દરમ્યાન એક પીકઅપ ડાલા નં. જીજે-૨-ઝેડ-૮૧૬૭ પસાર થયુ જેમાં ચાર ભેંસો અને એક પાડો મળીને પાંચ પશુઓ ભરેલા હતા. પોલીસને શંકા જતાં પીકઅપ ડાલુ ઉભુ રાખવા ઈશારો કર્યો એટલે થોડે આગળ જઈને પીકઅપ ડાલાના ચાલકે બ્રેક મારી દઈ ત્યાંથી ભાગી ગયો હતો. ચિલોડા પોલીસે ડાલુ જપ્ત કરીને પાંચ પશુઓ પેથાપુર પાંજરાપોળ મોકલી આપ્યા હતા. ડાલાના નંબરને આધારે પોલીસે ભાગી ગયેલા શખ્સ સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે. જમાદાર વિરેન્દ્રસિંહે સમગ્ર તપાસ આરંભી છે. આ પશુઓ ચોરીના હોવાની શક્યતાને આધારે તપાસ ચાલી રહી છે.

મોદી શાસનમાં ગુજરાતને કોઇ નવી ટ્રેનો મળી નથી : કોંગ્રેસ

અમદાવાદ,તા. ૨૭

કોંગ્રેસે આજે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, ગુજરાતને રેલવેના મામલામાં પણ અન્યાય કરવામાં આવી રહ્યો છે. ભૂતકાળમાં બૂમાબૂમ મચાવનાર ભાજપના નેતાઓ હવે ગુજરાત માટે કોઇ રજૂઆત કરી રહ્યા નથી. કેન્દ્રમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકારને એક વર્ષથી પણ વધુ સમયગાળો થઇ ગયો હોવા છતાં કોઇ નક્કર પગલા રેલવેના સંદર્ભમાં લેવામાં આવ્યા નથી. ભાજપના ૩૬૫ દિવસ શાસનમાં ગુજરાતે રેલ્વે બજેટમાં કોઈપણ નવી ટ્રેનો મળી નથી અને અન્ય વિભાગ તરફથી પણ ગુજરાતને મળવા જોતા લાભો મળ્યા નથી. ત્યારે છાસવારે ગુજરાતને અન્યા.ની બમાંબુમ કરનારાઓ કેમ ચુપ છે. છાસવારે ગુજરાતને ટ્રેન અને અન્ય સેવાઓ માટે પત્રો લખનારાઓ આજે તેમની કલમ ક્યાં ખોલાઈ ગઈ છે. શું આ સત્તા મેળવવા માટેની બુમરાળ હતી આ બધા પ્રશ્નોનો જવાબ ગુજરાતની છ કરોડની જનતાવતી કોંગ્રેસ માંગી રહી છે.

(તસવીર : દિપક જાની)

સેક્ટરોમાં વીજળીના ડી.પી. સ્ટેશન વારંવાર ખુલ્લા થઈ જતાં ભયજનક સ્થિતિનું નિર્માણ થાય છે. ખાસ કરીને ચોમાસાની મોસમમાં આ પ્રકારના ખુલ્લા સબ સ્ટેશનથી વસાહતીઓ ગભરાટની લાગણી અનુભવે છે.

પૂર્વ પ્રેમીએ પ્રેમિકા સાથેના અંગત પળોનાં ફોટો ભાવિ પતિને મોકલી દીધા

ગામમાં ભાવિ પતિ મળવા ગયો ને પ્રેમીએ તેને ઉભો રાખી મોબાઈલ નંબર લઈને ફોટો વોટસએપ કર્યા : ગામના છેવાડે બદનામ કરવાની ધમકી આપીને પ્રેમિકાને બોલાવ્યા બાદ શારીરિક અડપલા કર્યાની ફરિયાદ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર નજીકના એક ગામમાં વિચિત્ર કિસ્સો બનવા પામ્યો છે. અભ્યાસ કરવા એસ.ટી. બસમાં સાથે અપડાઉન કરતાં એક જ ગામના યુવક યુવતી પરિચયમાં આવ્યા બાદ યુવકે પ્રેમનો પ્રસ્તાવ મુકી પ્રેમ સંબંધ બાંધ્યા બાદ બંને કેટલીક વાર સાથે ફરવા ગયા હતાં. આ સમય દરમિયાન માણેલી અંગત પળોના ફોટો યુવકે ખેંચી લીધા હતા. બ્રેક અપ થઈ ગયા બાદ યુવતીની સગાઈ બીજે થઈ ગઈ. તે ભાવિ પતિ યુવતીને મળવા ગામમાં ગયો ત્યારે તેણીના પૂર્વ પ્રેમીએ તેને ઉભો રાખી મોબાઈલ નંબર લઈને અંગત પળોના ફોટો વોટસએપ કરી દીધા હતા ત્યારબાદ ગામમાં યુવતીને બોલાવીને પુર્વ પ્રેમીએ શારીરિક અડપલા કર્યા હતા. આઈ.ટી. એકટ અને શારીરિક અડપલા અંગે પેથાપુર પોલિસે ગુનો નોંધી કાર્યવાહી શરુ કરી છે.

ગાંધીનગર નજીકના ગામમાં પૂર્વ પ્રેમિકા બીજે કયાંય લગ્ન કરે તેવું ન ઈચ્છતા ગામનાં જ યુવાને આ કૃત્ય આચર્યું હતું. બંનેની અંગત પળો દરમિયાન ખેંચેલા બિભત્સ ફોટો પુર્વ પ્રેમીએ યુવતીના ભાવિ પતિને વોટસએપ કરી દીધા હતા. તે ઉપરાંત આ ફોટો સોશ્યલ મિડીયામાં ફરતા કરી દેવાની ધમકી આપી પુર્વ પ્રેમીએ પ્રેમીકાને ગામના છેવાડે બોલાવી શારિરીક અડપલા પણ કર્યા હોવાની યુવતીએ ફરિયાદ આપી છે. પેથાપુર પોલીસે પૂર્વ પ્રેમી સામે આઈ.ટી. એકટ અને શારીરિક અડપલા સંદર્ભે ગુનો દાખલ કર્યો છે સમગ્ર ઘટનાની તપાસ સર્કલ પોલીસ ઈન્સ્પેકટર એસ.ડી. પટેલે શરુ કરી દીધી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૭
સૂર્યાસ્ત : ૭.૩૦

તાપમાન

મહત્તમ : ૩૬.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૫ ટકા ● સાંજે ૫૨ ટકા

મનોરંજન

સિટીપલ્સ

સ્ક્રીન-૨ :
એબીસીડી - ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
સ્ક્રીન-૩ :
ઈન્સીડીઉસ (અંગ્રેજી) : ૧.૧૫, ૩.૧૫, ૮.૧૫
એબીસીડી - ૨ (૩ડી) : ૧૧.૦૦, ૫.૧૫, ૧૦.૧૫
સ્ક્રીન-૪ :
જો બકા : ૧૦.૦૦ ● તનુ વેડ મનુ ૨ : ૧.૦૦
યુવા : ૪.૦૦, ૧૦.૦૦ ● વેકલમ જિંદગી : ૭.૦૦
સ્ક્રીન-૫ :
એબીસીડી - ૨ : ૧૦.૦૦, ૧.૪૫
હમારી અધુરી કહાની : ૭.૧૫
જુરાસિક વર્લ્ડ (હિન્દી) ૨ડી : ૪.૪૫, ૧૦.૦૦

સિનેમેક્સ

: સ્ક્રીન-૧ :
એબીસીડી - ૨ : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૧૦.૦૦
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૬.૪૫
સ્ક્રીન-૨ :
બે યાર (ગુજરાતી) : ૮.૦૦
એબીસીડી - ૨ : ૧૦.૪૫, ૨.૦૦, ૭.૩૦
ઈન્સીડીઉસ (અંગ્રેજી) : ૫.૧૫, ૧૦.૪૫
સ્ક્રીન-૩ :
ઈન્સીડીઉસ (અંગ્રેજી) : ૯.૧૫, ૧૧.૩૦
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૧.૪૫, ૧૦.૩૦
એબીસીડી - ૨ : ૪.૩૦ ● હમારી અધુરી કહાની : ૭.૪૫
સ્ક્રીન-૪ :
મિસ તનકપુર હાજીર હો (હિન્દી) : ૧૦.૦૦, ૧૨.૪૫, ૬.૧૫
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૩.૩૫
એબીસીડી - ૨ : ૯.૦૦

આપની આજ

મેષ : એન્જિનિયર, ટેકનોલોજી કર્મીઓ માટે ઉપલબ્ધિ ભાગ્યવર્ધક કાર્યો માટે યાત્રાના યોગ. નકામા તનાવથી દૂર રહેવું. સામાજિક સમસ્યાનો ઉકેલ પ્રાપ્ત થઈ શકશે.

વૃષભ : ભાગ્યવર્ધક રાજકીયક્ષેત્રે પદ પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ શકે છે. ખાનપાનમાં કાળજી રાખવી. પદોન્નતિ, ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિ થવાની વિશેષ સંભાવના. રાજય તરફથી વિશેષ લાભ.

મિથુન : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટવાયેલા નાળા પરત મળી શકશે. વરિષ્ઠ વ્યક્તિઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થશે.

કર્ક : આત્મવિશ્વાસમાં વધારો થશે. પદ-પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, ગહન શોધ સંબંધઈ શોધપૂર્ણ કાર્યોનો વિશેષ કાર્ય થશે.

સિંહ : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક સમસ્યાઓ પર વિચાર- વિર્મશ થઈ શકે છે.

કન્યા : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ યાત્રા અને ભાગદોડ નો યોગ. કૌટુંબિક વિવાદા ઉભા ન થાય તેની કાળજી રાખવી. કોર્ટ- કચેરીના મુદ્દે સાવચેતી રાખવી.

તુલા : ધાર્મિક કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. આર્થિક સ્ત્રોમાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે.

વૃશ્ચિક : રોજગારીના નવા રસ્તાઓ પ્રાપ્ત થશે. વ્યાપાર-વ્યવસાયિકક્ષેત્રમાં લાભ પ્રાપ્ત થવાની શકયતા છે. મંગળ પ્રસંગોમાં સમય પસાર થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્ર દ્વારા નોકરીમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

ધન : વેપારી સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવનાઓ રહેલી છે. સુખ, સુવિધા, ભવન, વાહન સંબંધી કાર્યોમાં અધિનસ્થ કર્મચારીઓથી વિવાદ કરવો નહીં.

મકર : આપને વિશેષ ભાગ્યવર્ધક કાર્યો થઈ શકશે. નવા વ્યાપારમાં રોકાણ વિચારીને કરવું. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા, નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક ક્ષેત્રમાં વિશેષ યોગ બની રહ્યો છે.

કુંભ : સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. ધર્મ આધ્યાત્મ, કૌટુંબિક, માંગલિક કાર્યોમાં નાણાં ખર્ચ થવાની શકયતાઓ છે. ગૂઢ, ધાર્મિક, કુટુંબમાં માંગલિક, આધ્યાત્મિક કાર્યો થઈ શકશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

મીન : આપના દ્વારા વિવાદિત લંબિત પ્રકરણોને ઉકેલવા માટે કરેલી વિશેષ યાત્રા લાભ અપાવશે. વ્યાપાર -વ્યવસાયિક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થવાનો વિશેષ યોગ બની રહ્યો છે. મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. કુટુંબ સંબંધી વિવાદ માનસિક કષ્ટનું કારણ બનશે.

ચિરવિદાય

- સ્વ. મોહનભા કનુભા વાઘેલા (ઉ.વ.૯૩) પ્લોટ નં. ૧૩૫૪/૨, સેકટર-૩બી, ગાંધીનગર